**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૬ ટકા

# હોળાષ્ટક બેસતાં પહેલા શહેરમાંથી ઠંડીએ 'ઉચાળા' ભર્યા...!!

**શહેરનું લઘુત્તમ તાપમાન પાંચ ડિગ્રી જેટલું વધીને ૨૦.૫ ડિગ્રી સે. નોંધાયું : વહેલી સવારે લાગતી ઠંડી ગાયબ થઈ : મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી સે.**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં ફરી એકવાર મૌસમમાં બદલાવનો અનુભવ થઈ રહ્યો છે અને બે દિવસ પહેલાં એવું જણાતું હતું કે આકાશમાં વાદળોના કારણે ઠંડી વધશે પરંતુ આજે અચાનક લઘુત્તમ તાપમાનમાં પાંચ ડિગ્રી સે. જેટલો ઉછાળો આવ્યો છે જેના કારણે પરોઢિયે લાગતી ઠંડી પણ ગાયબ થઈ જવા પામી છે અને હવે શહેરમાંથી શિયાળાની ઋતુ વિધિવત વિદાય લઈ રહી હોય તેવું જણાઈ રહ્યું છે. આજે શહેરનું મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી સે. નોંધાયું હતું જેની સામે લઘુત્તમ તાપમાન ગઈકાલે જે ૧૫.૫ ડિગ્રી સે. નોંધાયું હતું તેના પ્રમાણમાં વધીને ૨૦.૫ ડિગ્રી સે. નોંધાવા પામ્યું છે. છેલ્લા પંદરેક દિવસથી શહેરીજનોને બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો હતો જેના પગલે શરદી-સળેખમ, તાવ-ઉધરસ, માથાનો દુઃખાવો, શરીરનું કળતર જેવી ઋતુજન્ય બિમારીઓ પણ પ્રવર્તી રહેલી અનુભવાઈ રહી છે. દિવસ દરમિયાન ગરમી અને મોડી રાત્રીથી પરોઢિયે અને સવારે ઠંડીનો અનુભવ થતો હતો. તેમાં વચ્ચે બે-એક દિવસ વાદળછાયા વાતાવરણ વચ્ચે પવનના સુસવાટા પણ અનુભવાયા હતા. જો કે હવે ઠંડીની તીવ્રતામાં ઘટાડો થવા સાથે જ લઘુત્તમ તાપમાન પાંચ ડિગ્રી જેટલું ઊંચું રહેતા પરોઢિયે લાગતી ઠંડી પણ ગાયબ થઈ જવા પામી છે. જેના કારણે હોળાષ્ટકના બેસવા સાથે ઠંડી વિદાય લેશે તેનું નિશ્ચિત મનાઈ રહ્યું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ સવારે જે ૬૩ ટકા નોંધાયું હતું તે ઘટીને સાંજ સુધીમાં માત્ર ૩૬ ટકા જ રહેવા પામ્યું હતું. જેના કારણે વાતાવરણમાં શુષ્કતાનો અનુભવ થઈ રહ્યો છે જે વધી રહેલા તાપમાનનો અંદેશો દાખવી રહ્યો છે.

## ગાંધીનગર નજીકના ભાટ ખાતેની ઈડીઆઈ કેમ્પસમાં એચઆર મીટ યોજાઈ

**એક હજાર યુવાનોને કૌશલ્ય વિકાસની તાલીમ રોજગારીની તક ઉભી કરશે**



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીકના ભાટ ખાતે ભારતીય ઔદ્યોગિક સાહસિકતા સંસ્થાન-ઈડીઆઈ ખાતે યુવાનો માટે વ્યવસાયલક્ષી કૌશલ્યને વિકસાવી રોજગારી પ્રાપ્ત કરતા સક્ષમ બનાવવા અંગે માનવ સંશાધન બેઠક એટલે કે એચઆર મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એચઆર મીટમાં કોર્પોરેટ તથા ઈન્ડસ્ટ્રીઝના ૨૫ જેટલાં એચઆર અધિકારીઓએ તેમની અપેક્ષાઓ અને જરૂરિયાતો વર્ણવી હતી તેમજ તે માટે યુવાનોને કેવી રીતે તૈયાર કરવા તેના અનુભવોની આપ-લે કરી હતી.

એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયુટ-ઈડીઆઈ તથા ગુજરાત સરકારના અનુસૂચિત જાતિ કલ્યાણ અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા સંયુક્ત ઉપક્રમે આયોજિત એચઆર મીટમાં અંદાજે એક હજારથી પણ વધુ યુવાનોને તાલીમ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત તાલીમ મેળવનાર યુવા સાહસિકો પોતાનું કૌશલ્ય વિકસાવી સારી નોકરી પ્રાપ્ત કરવાની તક પણ મેળવી શકશે. એચઆરમીટને સફળ બનાવવા ઈડીઆઈના ડાયરેકટર એસ.બી. સરીન તેમજ પ્રોજેક્ટ ચીફ સી.એમ. પાઠક સહિત પ્રોજેક્ટના સભ્યોએ હાજરી આપી હતી.

## રાયસણ મારામારી કેસમાં ૨ શખ્સોની અટકાયત

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર-કોબા રોડ પર રાયસણ નજીક આવેલા પીડીપીયુ માર્ગ પર બિઝનેસ પાર્ક સ્થિત ગેમઝોનમાં યુવકોના બે જુથ વચ્ચે થયેલી મારામારીની ઘટના એ ઉગ્ર સ્વરુપ ધારણ કર્યું હતું. આ બનાવને પગલે વેપારીઓમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. આ ઘટનામાં ત્રણ યુવાનો પર હિંસક હુમલો કરી અન્ય જુથના યુવાનો ભાગી ગયા હતા. જેને પગલે ઈન્ફોસીટી પોલીસ મથકે ૬ શખ્સો સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો હતો. ત્યારે ઈન્ફોસીટી પોલીસે બે આરોપીને પકડી લીધા છે.

પ્રાપ્ત માહિતી મુજબ પીડીપીયુ માર્ગ પર બિઝનેસ પાર્ક ખાતે આવેલા ગેમઝોનમાં સામાન્ય અવાજ અંગે માથાકુટ બાદ રીઝવાને ફરીયાદી સન્નીને લાફો ઝીંકી દીધો હતો. ત્યારબાદ મામલો વધુ ગરમાયો હતો. ત્યારે ગેમ ઝોનમાંથી બહાર નીકળ્યા બાદ રીઝવાન સહિતના અન્ય શખ્સોએ સન્ની પટેલ, રૂષી પટેલ અને દિપક પટેલને ઢોરમાર મારવામાં આવ્યો હતો. આ મારામારીના બનાવને પગલે ઈન્ફોસીટી પોલીસ મથકે હત્યાના પ્રયાસનો ગુનો નોધાયો હતો. જયારે આરોપીઓ ભાગી છુટયા હતા.જેને પગલે પોલીસે ગઈકાલે રીઝવાન કમરૂદીન શેખ (રહે.સેકટર-૪ એ પ્લોટ નં.૧૬૨-૧) અને સોહેલ બાબુલાલ મન્સુરીને(પેથાપુર, રોશન એપાર્ટમેન્ટ ઘર નં.૪૦૨)ને ઝડપી પાડ્યા છે. પોલીસે બે આરોપીની ધરપકડ કરીને આજે કોર્ટમાં રજુ કરાયા હતા. તો બીજીતરફ ફરાર અન્ય ચાર આરોપીઓને શોધવા માટે પોલીસની ટીમ દોડાદોડી કરી રહી છે.

## નટરાજ ડાન્સ એકેડેમી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

નટરાજ ડાન્સ એકેડેમી ગાંધીનગર દ્વારા તા. ૧ માર્ચ રવિવારના રોજ બપોરે ૧.૩૦ થી ૪ દરમિયાન સે-૧૨ સ્થિત આંબેડકર ભવન ખાતે સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા ભરતનાટયમ તથા નૃત્યો રજૂ કરવામાં આવશે. કાર્યક્રમનું સંચાલન પ્રણાલીબેન ગાંધી દ્વારા કરવામાં આવશે.

## સે-૩ ન્યુ ખાતે ઝુંપડાઓનું દબાણ હટાવવા વસાહત મંડળની માંગ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં દબાણે અજગરી ભરડો લીધો છે ત્યારે સેકટર-૩ ન્યુની ચારે બાજુ ઝુંપડપટ્ટીના દબાણો મસમોટા ઉભા થઈ ગયા છે. આ ઝુંપડપટ્ટીના પગલે સેકટરમાં ગંદકી અને અસામાજીક પ્રવૃત્તિઓ પણ મોટા પ્રમાણમાં ફુલીફાલી છે ત્યારે સેકટરની ફરતે આવેલા ઝુંપડાઓ દુર કરવા સે-૩ ન્યુ વસાહત મંડળ દ્વારા ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનરને લેખિત રજુઆત કરી છે.

સેકટર-૩ ન્યુ છેવાડાનું સેકટર ગણાય છે. આ સેકટરની આસપાસ ચારે બાજુ વન વિભાગની જગ્યા આવેલી છે ત્યારે આ જંગલ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી રાતોરાત તંત્રની મીઠી નજર હોય તેમ અસંખ્યા ઝુંપડાધારકો ઉભા થઈ ગયા છે. ઝુંપડપટ્ટીને લઈ પાણીનો સતત વપરાશ રહ્યા કરે છે. તે ઉપરાંત ચોરી અને અસામાજીક પ્રવૃત્તિઓને પણ વેગ મળ્યો છે. સેકટરમાં સતત આવન જાવનને પગલે સ્થાનિક વસાહતીઓ પણ હેરાન પેરશાન થઈ ગયા છે ત્યારે સેકટરની ચોતરફ ફેલાયલ ઝુંપડાધારકોને તાત્કાલિક અસરથી દુર કરવા વસાહત મંડળના પ્રમુખ જયેશ આગજાએ ગાંધીનગર મનપા કમિશનરને લેખિત રજુઆત કરી સત્વરે યોગ્ય કરવા જણાવ્યું છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૦૦, ૧૧.૩૫, ૧.૧૫, ૨.૧૦, ૪.૪૫, ૭.૨૦, ૯.૫૫, ૧૦.૫૫

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૪૫, ૨.૩૦, ૪.૧૫, ૫,૧૫, ૭.૦૦, ૮.૦૦, ૯.૪૫, ૧૦.૪૫

**લવ આજ કલ ૨૦૨૦**
૧૧.૧૫, ૫.૦૫

**મલંગ**
૨.૧૫, ૮.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૨૫, ૧૦.૧૫, ૧૨.૦૦, ૧.૫૦, ૨.૪૦, ૩.૩૫

**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૩૫, ૧૧.૧૦, ૧૨.૧૦, ૨.૫૦, ૪.૩૦, ૫.૩૦, ૮.૧૦, ૯.૫૦, ૧૦.૫૦

**લવ આજ કલ ૨૦૨૦**
૧૦.૪૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫

**મલંગ**
૧.૩૫, ૬.૧૦

**તાન્હાજી**
૧૨.૫૦

**સિટી પલ્સ, કુડાસણ**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૧૨.૩૦, ૩.૩૦, ૫.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**ભૂત ધ હોન્ટેડ શીપ**
૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૭.૩૦

**લવ આજ કલ ૨૦૨૦**
૧૨.૪૫

**મલંગ**
૯.૪૫

**તાન્હાજી**
૩.૪૫

**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૬.૪૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૧૦, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧૨.૪૫, ૧.૨૦, ૨.૨૦, ૩.૨૦, ૩.૫૫, ૪.૫૫, ૬.૩૦, ૭.૩૦, ૯.૦૫, ૧૦.૦૫

**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૨૦, ૧૦.૧૫, ૧૧.૫૫, ૧.૨૫, ૨.૩૦, ૫.૦૫, ૭.૪૦, ૯.૧૫, ૧૦.૧૫

**લવ આજ કલ ૨૦૨૦**
૧૦.૩૦, ૪.૦૦, ૯.૪૫

**મલંગ**
૬.૫૫

**સ્ટ્રીટ ડાન્સર ૩-ડી**
૬.૧૫

## શ્રમજીવી વસાહતની બાળાઓને સેનેટરી પેડ્સની નિઃશુલ્ક વહેંચણી




ગાંધીનગર, તા.૨૯

ઉદગમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વિંગ્સ ટુ વિઝડમ અંતર્ગત વિશ્વ મહિલા દિવસના અનુસંધાને એક ઉમદા કાર્ય કરવામાં આવ્યું હતું. ઉદગમ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર સેકટર-૩૦ ખાતે આવેલી શ્રમજીવી વસાહતમાં ઉંમરમાં આવેલી કન્યાઓને સેનેટરી પેડ્સ આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પરમજીત કૌર છાબડા અને દીપા નારાયણન દ્વારા સૌને માસિક ધર્મની જાણકારી અને એ દરમિયાન રાખવામાં આવતી કાળજી વિશે માહિતી આપી અને પછી સેનેટરી પેડ્સ નિઃશુલ્ક આપવામાં આવ્યા હતાં. ડો. મયુર જોશીએ જણાવ્યું હતું કે આ વિષયમાં હજુ સમાજમાં પુષ્કળ કામ કરવાનું છે. પારસમણી ફાઉન્ડેશનના અધ્યક્ષ સંજય થોરાતે સરસ બોધ વાર્તા સાથે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ સાથે ચૂલાની અંદર આ વપરાયેલા સેનેટરી પેડ્સનો નાશ કરવાની રીત પણ શીખવવામાં આવી હતી.

## ચૌધરી કોલેજ ખાતે થેલેસેમીયા અવેરનેસ અને ટેસ્ટ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા રેડક્રોસ દ્વારા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી રાજય શાખાના સહયોગથી થેલસેમીયા અવેરનેસ અને ટેસ્ટ કેમ્પ યોજાયો હતો. જેમાં પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ અને ચૌધરી કોમર્સ કોલેજ સે-૭ મળીને કુલ ૫૨૬ વિદ્યાર્થીઓએ ટેસ્ટ કરાવ્યો હતો.




પી.કે. ચૌધરી મહિલા આર્ટસ અને ચૌધરી કોમર્સ કોલેજ સે-૭ ખાતે સવારે ૧૦ થી ૨ દરમિયાન યોજાયેલ આ કાર્યક્રમમાં રેડક્રોસના ભરત શ્રીમાળી, સંજય વાળંદ, પ્રકાશભાઈ પરમાર, મિત્તલ, ઝરણા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર ડૉ. એન.કે. પટેલ, કોલેજની એનએસએસ ટીમ તથા ચૌધરી કોલેજના આચાર્ય પ્રકૃતિબેન જોષી સાથે સ્ટાફ, જિલ્લા રેડક્રોસના જીલુભા ધાંધલ, અશ્વિનભાઈ દવે, નિલેન્દુભાઈ વોરા, જી.પી. પટેલ, જી.કે. ત્રિવેદી, એમ.એમ. સોલંકી, ભૂપેન્દ્રભાઈ મહેતા સર્વે એ પૂરતી સેવા પુરી પાડી હતી.

## બોર્ડની પરીક્ષાને લઈને 'જીવન આસ્થા' હેલ્પલાઈન પર ધસારો

આગામી દિવસોમાં શરૂ થતી ધોરણ-૧૦ થા ૧૨ની બોર્ડ પરીક્ષાઓને લીધે વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે પરીક્ષાને લીધે ઉદભવતા માનસિક તણાવને લગતી સમસ્યાઓ દૂર કરવા ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ અંતર્ગત કાર્યરત 'જીવન આસ્થા' હેલ્પલાઈન દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓને બોર્ડ દ્વારા આપવામાં આવતી હોલ ટીકીટ ઉપર પણ જીવન આસ્થાનો નંબર પ્રદર્શિત કરવામાં આવેલ છે. છેલ્લા થોડા દિવસોથી ખુબ મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ તથા વાલીઓના રોજ ૨૦૦થી વધુ કોલ્સ આવે છે. ખાસ કરીને પરીક્ષાના નજીકના સમયમાં યાદ નથી રહેતું કે પરિણામ સારું નહીં આવે તો જેવી બાબતો માટે કાઉન્સેલીંગ દ્વારા નિરાકરણ કરવામાં આવે છે. વિદ્યાર્થી તેમજ વાલીઓ માટે ૨૪ કલાક કાર્યરત આ હેલ્પલાઈન નંબર ૧૮૦૦ ૨૩૩ ૩૩૩૦ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

## હસ્તગિરી-પાલીતાણા ખાતે હિલટોપ કંટેસ્ટમાં હેમ રેડીઓ ટીમ કાર્યરત




ગાંધીનગર, તા. ૨૯

એમેચ્યોર રેડીઓ સોસાયટી ઓફ ઈન્ડિયાના ઉપક્રમે દર વર્ષે એમેચ્યોર રેડીઓ ઓપરેટર એટલે કે હેમ રેડીઓ ઓપરેટર માટે હિલટોપ કોન્ટેસ્ટનું આયોજન થાય છે. જેમાં દેશભરમાંથી હેમ રેડીઓ ઓપરેટરની ટીમો પોતાના રાજ્યના ઊંચા પર્વતો કે ટેકરીઓ પરથી વાયરલેસ દ્વારા એકબીજી ટીમના સંપર્કો કરશે. ગુજરાતમાંથી ગાંધીનગર ના દિપક જોશી ( VU3DSJ), ડો.અનિલ પટેલ (VU3PKA ) કે.કે.પટેલ (VU3IKI ) ભાવનગરથી અનોપસિંહ ગોહિલ (VU3ZUG), ડો. ભટનાગર(VU2SPF), વિરભદ્રસિંહ (VU2KEP), વિશાખા ( VU3XLC), મિહિર મહેતા (VU3IVU), હરેશભાઈ (VU3XLJ) તથા રાજકોટથી ઘનુભા પરમાર (VU3HMM) એમ કુલ ૧૦ જેટલા હેમરેડીયો ઓપરેટરો આ કન્ટેસ્ટમાં ભાગ લઈ રહ્યા છે. આ વર્ષે પુરા દેશમાંથી ૨૫ જેટલી ટીમો આ હિલટોપ કન્ટેસ્ટમાં ભાગ લઈ રહી છે. તા. ૨૯ ફેબ્રુઆરી અને ૧લી માર્ચ બે દિવસ આ સ્પર્ધામાં જુદા જુદા રેડીઓ સ્ટેશનના સંપર્કો કરવામાં આવશે.

## સોમવારે જાગૃત નાગરિક પરિષદની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક તા. ૨ માર્ચના રોજ પ્રમુખ જયોતિન્દ્ર દવેના અધ્યક્ષ સ્થાને બપોરે ૪.૩૦ કલાકે સે-૨૧ સ્થિત નમન એપાર્ટમેન્ટ ખાતે યોજાશે. આ બેઠકમાં પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે. સંસ્થાના મહામંત્રી નિરંજન ઓઝા દ્વારા સભ્યો, પદાધિકારીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## નારી સંરક્ષણ ગૃહ ખાતે માનસિક આરોગ્ય કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

સમાજમાં માનસિક સ્વાસ્થ્યની જાગૃતતા માટે સ્વધાર ગૃહ માતૃછાયા નારીગૃહ સે-૧૨ ખાતે તા. ૪ માર્ચના રોજ બપોરે ૩ થી ૫ દરમિયાન કાર્યક્રમ યોજાશે. શહેરની બહેનોને આ કાર્યક્રમમાં ભાગ લેવા સંસ્થાના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે દ્વારા જણાવાયું છે.

## સંસ્કૃતિકુંજના લોકમેળાના મોટાભાગના સ્ટોલ બપોરે બંધ : મુલાકાતીઓ નારાજ

**બપોરે ૨ થી ૧૦ દરમિયાન સ્ટોલનો સમય આપ્યા છતા ૪ વાગ્યા સુધી અનેક સ્ટોલ બંધ**

ગાંધીનગર, તા.૨૯

સંસ્કૃતિકુંજ ખાતે લોકમેળો તથા લોકનૃત્યો આ વર્ષે ઝાંખા પડી રહ્યા છે. સામે સાંજે યોજાતો સંગીત કાર્યક્રમ શહેરીજનોમાં પસંદગીનો બન્યો છે ત્યારે કિંજલ દવે બાદ અભિતા પટેલના સંગીત કાર્યક્રમમાં પણ શહેરીજનોને ભીડ જામી હતી. આ સામે લોકમેળાનો સમય બપોરે ૨ થી રાત્રિના ૧૦ વાગ્યાનો રાખવામાં આવ્યો છે અને લોકનૃત્યો સાંજે ૬.૩૦ સુધીમાં સમાપ્ત થઈ જાય છે ત્યારે મુલાકાતીઓ બપોરે લોકમેળામાં મુલાકાત લેતા નારાજ જણાઈ રહ્યા છે. બપોરના ૩ વાગ્યા હોવા છતાં અનેક સ્ટોલ બંધ હોવાનું જાણવા મળ્યું છે. આ વર્ષે સંસ્કૃતિકુંજના આયોજનમાં




ઘણા ફેરફાર કર્યા હોવા છતાં અંતે મુલાકાતીઓ નિરાશ જ છે. ફુડકોર્ટ અલગ કરી દેતા લોકમેળાની મુલાકાતે આવતા મુલાકાતીઓને ચનાચોરગરમ ખાઈ કામ ચલાવવું પડી રહ્યુ છે. અમુકને તો હજુ ખબર જ નથી કે ફૂડકોર્ટ છે ખરા પણ દુર છે. જેને ખબર છે તેઓ આટલું ચાલીને ફૂડકોર્ટ સુધી જવા કરતાં પાર્કિંગ સુધી ચાલીને ઘરે પરત જવામાં માને છે. આમ તો સ્ટોલ બપોરે ૨ વાગ્યે ખુલી જવા જોઈએ જે ન ખુલતા ૩ વાગ્યે ત્યાંની મુલાકાત લેવા જનાર નાગરિક મીલીબેન તથા કૃપાબેના જણાવ્યા અનુસાર અમે ઓફિસનો લંચબ્રેક જતો કરીને બપોરે ૩ વાગ્યાની આસપાસ સંસ્કૃતિકુંજની મુલાકાતે આવ્યા પરંતુ અડધા ઉપર સ્ટોલ બંધ હોવાથી આટલે દૂર આવ્યા બાદ અમે નિરાશ થયા હતા. આમ, નિશ્ચિત સમયે લોકમેળાના સ્ટોલ ખુલ્લા ન હોવાથી મુલાકાતીઓમાં નારાજગી જોવા મળી હતી.



વરિષ્ઠ નાગરીકોના સુખાકારી અભિયાન અંતર્ગત ૨૧ મી સદીમાં જીવન જીવવાની જડ્બુટી માહિતી તથા વરિષ્ઠ નાગરીકો માર્ગદશિકા માહિતિ પુસ્તિકાનું ફ્રીમાં વિતરણ ૨૮મી ફેબ્રુઆરીએ ૬.૦૦ કલાકે ચ-૬ સર્કલે કરવામાં આવ્યું હતું. જેમાં વરિષ્ઠ નાગરીકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો તથા ચિરાગ જાની દ્વારા વરિષ્ઠ નાગરીકોને ૨૧ મી સદીમાં જીવન જીવવાની જડીબુટી અને વરિષ્ઠ નાગરીકો માર્ગદશિકા ઉપર સામાજિક, માનસિક, શારિરીક, નાણાંકીય, કાનુની અને ભૌતિક વિષય ઉદુ વિવરણ રુપે તેનું માર્ગદર્શન આપ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. અરવે રાજુભાઈ શ્રીધરરાવ, ઉ.વ. ૫૯
- સ્વ. ઠાકોર રણછોડજી ડાહ્યાજી, ઉ.વ. ૬૬
- સ્વ. જયરામભાઈ મેમાભાઈ રબારી, ઉ.વ. ૫૨